આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- નેહલ ઠક્કર

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:-૦૨-૧૦-૨૦૨૩ સમય:-સાંજે ૬. ૨૫ કલાકે

---

## મુખ્યમંત્રી- મોટા યક્ષનો મેળો

નખત્રાણા તાલુકાના સાયંરા યક્ષ ખાતે સૌથી મોટા અને મીની તરણેતર યક્ષ બૌંતેરા ક્કડભીટના ભાતીગળ મેળાનો આજરોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધિવત શુભારંભ કરાવ્યો હતો. આ ભવ્ય મેળાનો પ્રથમવાર મુખ્યમંત્રીના હસ્તે શુભારંભ થયો છે.આ પ્રસંગે મુખ્યમંત્રીએ મહાત્મા ગાંધીજીને યાદ કરીને તેમને વંદન કર્યા હતા. મેળામાં ઉપસ્થિત લોકોને સંબોધતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કચ્છને પ્રવાસનનું તોરણ બનાવી વર્લ્ડ ટૂરિઝમ મેપ ઉપર કચ્છનો રણોત્સવ અને કચ્છની લોક સંસ્કૃતિ, વિવિધ સ્થળોનું મહત્વ પ્રસ્થાપિત કર્યું છે. મુખ્યમંત્રીએ આ પ્રસંગે વધુમાં ઉમેર્યું કે, યક્ષનો મેળો, માતાના મઢ, હાજીપીર, કોટેશ્વર, રવેચી, જેસલ-તોરલ સમાધિ, નારાયણ સરોવર અને લખપત ગુરુદ્વારા જેવા ધાર્મિક-ઐતિહાસિક સ્થાનકો કચ્છની આગવી લોક સંસ્કૃતિના ધબકાર છે. જેના થકી કચ્છમાં પ્રવાસન ઉદ્યોગને વધુ વેગ મળ્યો છે. આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્યો સહિતના લોક પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે સાંસદ વિનોદ ચાવડાએ આકાશવાણી સાથે વાત કરતા વધુમાં આ મુજબ જણાવ્યુ હતું.

(બાઈટ-વિનોદ ચાવડા- સાંસદ)

**(પરેશ મારૂ)**

---

## ગાંધી જયંતી

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 154મી જન્મજયંતિની દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી,અને દેશ વિદેશમાં રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલી આપવાના

કાર્યક્રમોનું આયોજન કરાયું હતુ. નવી દિલ્લીમાં રાજઘાટ ખાતે બાપુના સમાધિ સ્થળે સર્વ ધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજઘાટ પર મહાત્મા ગાંધીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે રાજ્યમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.અમદાવાદમાં સાબરમતી આશ્રમ અને પોરબંદરમાં મહાત્મા ગાંધીના જન્મસ્થળ કીર્તિ મંદિર ખાતે આયોજિત સર્વધર્મ પ્રાર્થનામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાગ લીધો હતો.

અમદાવાદના સાબરમતી આશ્રમમાં પણ સવારે સર્વધર્મ પ્રાર્થના સાથે ગાંધી જયંતિની ઉજવણી કરાઇ હતી.

સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવા માટે આજથી રાજ્યભરમાં ખાદી પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે

**(RNU અમદાવાદ)**

---

## લાલબહાદુર શાસ્ત્રી-જયંતી

આજે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની જન્મ જયંતિ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી મોદીએ નવી દિલ્હીમાં લાલ બહાદુર શાસ્ત્રીના સ્મારક વિજય ઘાટ ખાતે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

શ્રી મોદીએ લાલ બહાદુર શાસ્ત્રીની સાદગી, રાષ્ટ્ર પ્રત્યેનું સમર્પણ અને જય જવાન, જય કિસાનનું પ્રતિકાત્મક આહ્વાન આજે પણ પેઢીઓને પ્રેરણા આપતું હોવાનું કહ્યું હતું.

**(RNU અમદાવાદ)**

---

RNU BHUJ

# કચ્છમાં-ગાંધી જયંતી,લાલબહાદુર શાસ્ત્રી જયંતી

આજે ગાંધીજયંતી નિમિતે કચ્છમાં વિવિધ સ્થળે રાષ્ટ્ર પિતાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ભુજમાં હમીરસર કિનારે ગાંધીજીની પ્રતિમાને હારારોપણ કરવામાં આવ્યુ હતું.

દેશના બીજા પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીની આજે જન્મ જયંતી મનાવવામાં આવી રહી છે. ભુજમાં તેમની પ્રતિમાને પુષ્પાંજલિ કરવામાં આવી હતી.

**(નેહલ ઠક્કર)**

---

# ક્રિક વિસ્તાર-માછીમારો માટે શેવાળ ખેતીના લાભો

કચ્છમાં પ્રમોશન ઓફ સિવીડ કલ્ટીવેશન ઈન ગલ્ફ ઓફ કચ્છ નામનો અગત્યનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત કોરી ક્રીક વિસ્તારમાં તેહરા, લક્કી, રોડાસર, ગુનાવ, પીપર અને ભુટાવ ગામોમાં માછીમાર તેમજ માછીમાર આગેવાનો સાથે ગ્રામ્ય મુલાકાત યોજવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન માછીમારોને દરિયા કિનારા વિસ્તારમાં શેવાળની ખેતીથી પૂરક રોજગારી મેળવી શકાય તે અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

દરિયા કિનારાના ક્રિક વિસ્તાર ખાતે પ્રાયોગિક ધોરણે ચાલી રહેલા દરિયાઈ શેવાળ અંગેના પ્લોટોની રૂબરૂ મુલાકાત તેમજ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જખૌ પોર્ટ દરિયાકિનારે આશરે ૧૬૫ જેટલા માછીમાર ભાઈઓ, બહેનોને સંલગ્ન સંસ્થાઓના તજજ્ઞો દ્વારા દરિયાઈ શેવાળ ઉત્પાદન માટે જરૂરી સાધન સામગ્રીના ઉપયોગની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. માછીમારો દરિયાઈ શેવાળની ખેતી તરફ વળે તે માટે શેવાળ નેટ ટ્યુબનું દરિયામાં પ્રસ્થાપન કરાવીને નિદર્શન કરવામાં આવ્યું હતું.

**(નેહલ ઠક્કર)**

---